# હાદી
## માસિક

બાળકો અને નવયુવાનો માટે

Bustan-e-Zehra Association

શવ્વાલુલ મુકર્રમ,
હીજરી સન ૧૪૩૦, સપ્ટેમ્બર-૨૦૦૯



રૂા. ૩૦/-

# અલ્લાહના નેક નામો

# અલમોહયમનો

# المهيمن

*'મોહયમનો' એટલે એ ઝાત જેણે સૃષ્ટિની રક્ષા માટે તેને સંપૂર્ણ પણે ઘેરી લીધી હોય એટલે કે એવો રક્ષણ કરનાર કે જેની રક્ષાના બંદોબસ્તમાં કોઈ ખામી - તૃટી ન હોય.*

કુરઆને મજીદમાં આ નામ આવ્યું છે.

**અલમલેકુલ કુદ્દૂસુસ સલામુલ મોઅમેનુલ મોહયમનુલ અઝીઝુલ જબ્બારૂલ મુતકબ્બિર** (સુરએ હશર - આ.૨૩)

**અનુવાદ :** તે જ ખરો હાકેમ અને માલિક છે. તે દરેક પ્રકારની ખામીથી પર છે. કોઈના ઉપર અત્યાચાર નથી કરતો. મોઅમીનોને અમન-ચેન બખ્શે છે - દરેક વસ્તુનો રક્ષણકર્તા છે - અપરાજેય છે - શક્તિશાળી છે - મહાનતાને લાયક છે.

માઅસૂમ અ.સ.ની દુઆઓ અને ઝિયારતોમાં પણ આ નામ આવે છે.

યા મુજીરો - સુબ્હાનકા - યા મોઅમેનો - તઆલયતા - યા મોહયમનો (દુઆએ મુજીર)

હે રક્ષણ આપનાર - તું પવિત્ર છે, હે શાંતિ આપનાર તું મહાન છે.

હે અમારી સારસંભાળ ખબરદારી રાખનાર !

**આ નામની કેટલીક ખાસિયતો નીચે મુજબ છે :**

(૧) હઝરત ઈમામ રિઝા અ.સ.એ ફરમાવ્યું છે કે જે વ્યક્તિ સ્નાન (ગુસ્લ) કર્યા પછી ૧૦૦ વખત 'યા મોહયમનો' પઢશે તો તે પોતાની ગુપ્ત વાતો (અંતઃકરણ)થી જાણકાર થઈ જશે.

(૨) ૧૨૫ વખત 'યા મોહયમનો' પઢતાં રહેવાથી અંતઃકરણની સ્વચ્છતા અને વસ્તુઓની હકીકતોની જાણકારી પ્રાપ્ત થાય છે.

(૩) જો કોઈ વ્યક્તિ એમ ઈચ્છતો હોય કે તેનું અંતઃકરણ પવિત્ર થઈ જાય તો તેણે દરરોજ સ્નાન (ગુસ્લ) કરવું જોઈએ અને તે પછી તરત જ ૧૦૪૦ વખત 'યા મોહયમનો' પઢે. આ અમલ ૪૦ દિવસ સુધી અથવા ૭૦ દિવસ સુધી સતત કરતો રહે તો ઈન્શાઅલ્લાહ તેને પોતાના ધ્યેયની પ્રાપ્તિ થશે અને તેનું અંતઃકરણ પવિત્ર થઈ જશે.

(૪) જો કોઈ વ્યક્તિ (દરરોજ) સ્નાન (ગુસ્લ) પછી ૧૦૦ વખત 'યા મોહયમનો' પઢશે તો તેનું અંતઃકરણ તો પવિત્ર થઈ જશે જ, પરંતુ સાથે તે બાહ્ય રીતે પણ પવિત્ર થઈ જશે.


E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم


શવ્વાલુલ - મુકર્રમ,
હીજરી સન ૧૪૩૦, સપ્ટેમ્બર - ૨૦૦૯

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**
મુદઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી : **સૈયદ મોહમ્મદ રઝા ગરવી**
કાર્યવાહક તંત્રી : **સૈયદ મોહમ્મદ અખ્તર**
સહાયકો : **અહમદ રઝા ઝુરારહ**
**તાલીમરઝા અજમેરી**
અનુવાદક : **સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**
આઈ.એ.એસ. (નિવૃત્ત)
શુષોભન : **એ.પી. ગ્રાફીક્સ**


## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !　　　　　　　　　　　　　　　　　　　　　　અસ્સલામો અલયકુમ !

પરવરદિગારે આલમની અસંખ્ય અને અનન્ય કૃપાઓનો મહીનો આવ્યો અને ચાલ્યો પણ ગયો. હવે આપણે આત્મખોજ કરવાની છે કે આપણે આ મહીનામાં અતિથી તરીકેની આપણી ફરજ કેટલા અંશે નિભાવી. તે પરવરદિગારે તો આપણી યજમાની માટે પૂરેપૂરી વ્યવસ્થા કરી હતી. આ માસ કે જે વીતી ગયો છે તે કેટલો બહુમુલ્ય અને લાભદાયી હતો. ફક્ત ઐહિક રીતેજ નહીં પરંતુ પરલોક સબંધોની બાબતોનો પણ પુષ્કળ લાભ મેળવવામાં આવ્યો. જે વસ્તુઓ અલ્લાહની નેઅમતો આપણે ઈચ્છતાં હોઈએ તો પણ આખાયે વરસ પ્રાપ્ત કરી ન શકીએ તે આ માસમાં પુષ્કળ પ્રમાણમાં આપણને પ્રાપ્ત થાય છે અને અલ્લાહની આ કૃપાથી ધનવાન અને નિર્ધન બધાં જ લાભ લે છે.

અને ખરૂં કહીએ તો આ નેઅમતોનો સ્વાદ પણ આ માસમાં કાંઈક અનેરો જ હોય છે. કેટલીક નેઅમતો બીજા મહીનાઓમાં મળે ત્યારે તેનો જે સ્વાદ હોય છે તેના કરતાં તે નેઅમતો આ મહીનામાં મળે તો તેનો સ્વાદ કાંઈ જુદો જ હોય છે. અલ્લાહની દયા અને કૃપા પુષ્કળ પ્રમાણમાં પાથરી દેવામાં આવી હતી. તેની દયાવૃત્તિ તેની પરાકાષ્ઠાએ હતી. પરંતુ જોવાનું એ છે કે શું આપણે એ નેઅમતોનો સર્વાધિક લાભ લેવા માટે તૈયાર અને તત્પર હતાં. આ ઐહિક દસ્તરખાન (ભોજનના વાસણો રાખવા માટેનું પાથરણું) ઉપર જાતજાતની વાનગી હોય તો પણ ડાયાબીટિસ અને હૃદયના રોગીઓ તેનો લાભ લઈ શકતાં નથી તેમ.

મારા વહાલા બાળકો ! તમે ઈદ પણ મનાવી લીધી હશે. પરંતુ ખરી ઈદ તો ફક્ત તેની છે જેણે આ રમઝાનુલ મુબારક માસની તકનો લાભ લઈને પોતાના સાચા માલિક પાક પરવરદિગારની પ્રસન્નતા પણ પ્રાપ્ત કરી હોય.

આ માસ (શવ્વાલ માસ)ની ૮મી તારીખ અત્યંત દુ:ખ દાયક મુસીબતો અને કષ્ટોથી ભરેલી શોકની તારીખ છે. આ તારીખે મદીના શહેરમાં 'જન્નતુલ બકીઅ'ને તબાહ-બરબાદ કરીને અહલેબૈત સાથેની પોતાની દુશ્મનીનું પ્રમાણ આપવામાં આવ્યું હતું. આ દિવસે 'જન્નતુલ બકીઅ'માં આવેલાં આપણાં પાંચ-પાંચ માઅસૂમોના રોજાઓને પાડી નાંખવામાં આવ્યાં હતાં. આ અશુભ કાર્યની વિરૂધ્ધમાં આપણે વિરોધ પ્રદર્શન કરવું જોઈએ અને તેના નવનિર્માણની દુઆ સાથે સઉદી શાસનને ઈ-મેઈલ અને ફેક્સથી પોતાનો વિરોધ પણ વ્યક્ત કરવો જોઈએ અને તેમાં એવી પણ જોરદાર અપીલ કરવી જોઈએ કે આ પવિત્ર રોજાઓના નવનિર્માણની પરવાનગી આપવામાં આવે.

વસ્સલામ


**વિગતો માટે સંપર્ક :** યુરોપ, અમેરીકા અને કેનેડા માટે : **અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

*Bustan -E- Zehra Association*
**Mukhtar Abbas Vasaya**
91, Longthrnton Road, LONDON, SW 16 5QF Tel. : 0044 - 2082866198
Mo.: 00447828958746 E-mail : movasaya@hotmail.com



**વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-**



ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨
E-mail : hadimasik@yahoo.com

# કુરઆનનો પ્રકાશ

# સુરએ લહબ

**બિસ્મિલ્લા-હિર્રહમા-નિર્રહીમ**

**તબ્બત યદા અબી લહબિંવ-વ-તબ્બા (૧) મા અગના અન્હો મા લોહૂ વમા કસબ (૨) સયસ્લા નારન ઝાતા લહબિંવ (૩) વમર અતોહૂ-હમ્મા લતલ હતબ (૪) ફીજીદેહા હબ્લુમ મિમમસદ (૫)**

★ **આ સૂરામાં પાંચ આયતો છે. અને આ સૂરો મક્કા શહેરમાં ઉતર્યો હતો.**

★ **સુરો ઉતર્યો (નાઝિલ થયો) તેના કારણો :**

આ સૂરો પયગમ્બરે અકરમ સ.અ.વ.ના ખુબ જ મોટા શત્રુ અબૂલહબ અને તેની પત્નિની બુરાઈ માટે ઉતર્યો છે. કારણ કે આ બંને ઈસ્લામના આરંભ કાળથી જ રસૂલે અકરમ સ.અ.વ.ને સતાવતા. તેમને પરેશાન કરવા – અને તેમના ઈસ્લામના પ્રચાર પ્રસાર માટેના પ્રયાસોના માર્ગમાં જાતજાતની મુશ્કેલીઓ ઉભી કરવાનું જ કામ કરતાં હતાં. અબૂલહબ આપ સાહેબ સ.અ.વ.ને ભૂંડું ભુંડું બોલતો હતો અને તેની પત્નિ કે જે જંગલમાંથી લાકડા વીણવાનું કામ કરતી હતી તે પયગમ્બરે અકરમ સ.અ.વ.ના માર્ગમાં કાંટા પાથરી દેતી હતી.

**તેથી ખુદાવન્દે આલમ ફરમાવે છે કે :-**

અબૂલહબના હાથ તુટી જાય અને તે મૃત્યુ પામે – ન તો તેની સંપત્તિ તેને કામ આવશે કે ન તો એની કમાણી – ખુબ જ ટુંકા સમયમાં તે પ્રજવલિત અગ્નિમાં પ્રવેશ પામશે. (તેને પ્રગટાવેલી અગ્નિમાં નાંખી દેવામાં આવશે) અને જે લાકડા વીણે છે તે તેની પત્નિની ડોકમાં ગુંથેલું દોરડું બાંધેલું છે.


E-mail : hadimasik@yahoo.com

## કેટલાંક ખાસ શબ્દોનો અર્થ :-

તબ્બા - સતત નુકશાન વેઠવું તે - તુટી જવું - મારી નાંખે તેવું નુકશાન

યદા હાર - બંને હાથ

અમર અતહુ - તેની પત્નિ કે જેનું નામ 'ઉમ્મે જમીલ' હતું.

હમ્મા લતલ હતબ - બાળવા માટે લાકડા વીણનાર

નારન - આગ - અગ્નિ

ઝાતા લહબ - પ્રજવલિત અગ્નિ

જીદેહા - તેની ડોક -

હબલ - દોરડું -

મસદ - ગુંથેલી - વણેલી

**વિવરણ :** પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ.એ ઈસ્લામ ધર્મના પ્રચાર માટે સર્વપ્રથમ વખત 'સફા'ના પર્વત પર ઉભા થઈને જ્યારે ઉદ્દઘોષણાં કરી કે 'મને રસૂલ બનાવવામાં આવ્યો છે.' ત્યારે અબૂલહબ ઉભો થઈ ગયો અને કહ્યું કે 'તમારો નાશ થાય તમે કેવા કામ માટે અમને સૌને એકત્ર કર્યા છે. તો અલ્લાહએ ઈસ્લામના આ શત્રુને તેના શબ્દોમાં તુર્ત જવાબ આપ્યો કે 'નાશ અને મૃત્યુ તો તારો અને તારી પત્નિનો થશે.'

અબૂલહબ જો કે નબીયે અકરમ સ.અ.વ.નો સગો થતો હતો તે છતાં પયગમ્બર સાહેબ સ.અ.વ.નો શત્રુ હોવાને કારણે તેને અઝાબની જાણકારી આપવામાં આવી છે અને તેના જીવનમાં જ તેને અને તેની પત્નિને સખ્ત શિક્ષા આપીને એ હકીકતની બધાંને પ્રતિતી કરાવી આપી હતી કે ઈસ્લામનો પ્રચાર કરનારાઓના માર્ગમાં મુશ્કેલીઓ ઉભી કરનાર વ્યક્તિઓને આવું પરિણામ જ ભોગવવું પડે છે.

તેથી વહાલા વાચકો : આપણે આ સૂરાનો – ગર્ભિત અર્થ યોગ્ય રીતે સમજીને હમેશાં ઈસ્લામ ધર્મ અને તેના પયગમ્બર સાહેબની રક્ષા કરવી જોઈએ. અને ઈસ્લામ ધર્મના અન્ય પ્રચારકોના માનને જાળવીએ – તેથી આ બાબતોને દૃષ્ટિ સમક્ષ રાખીને આ સૂરાની તિલાવત કરવામાં આવે તો તેમાં ઘણો સવાબ છે.

તિલાવતની ફઝીલત : નબીયે અકરમ સ.અ.વ. એ ઈર્શાદ ફરમાવ્યું છે કે મને આશા છે કે જે કોઈ વ્યક્તિ આ સૂરાની (ખરા હૃદયપૂર્વક) તિલાવત કરશે (કરતો રહેશે) તો ખુદાવન્દે આલમ તેને અને અબૂલહબને કયામતના દિવસે એક જ સ્થળે નહીં રાખે. (એટલે કે અબૂલહબ તો જહન્નમ માં જ જશે અને તિલાવત કરવાવાળો જન્નતી હશે)

(તફસીરે નમૂના – સૂરએ લહબ – પાનં.૪૩૯માંથી)

# હૈદરી ઝુલ્ફિકારનું ઉતરવું



૧૫ શવ્વાલ સન ૩ હિજરીનો દિવસ ઈસ્લામના ઈતિહાસમાં ઘણો મહત્વપૂર્ણ દિવસ છે અને આપણાં મૌલા અલી અ.સ. ના સંદર્ભમાં તો એનું અનેરું મહત્વ છે. કેમકે આ દિવસે જ ‘જંગે ઓહદ’ (ઓહદની લડાઈ) થઈ હતી. અને જેમાં આકાશમાંથી ‘ઝુલ્ફિકાર’ નામની તલવાર હઝરત અલી અ.સ. માટે ઉતરી હતી. અને જિબ્રઈલ અ.સ.એ ‘લા ફતા ઈલ્લા અલી યા સય્ફ ઈલ્લા ઝુલ્ફિકાર’ની ઘોષણા કરી હતી કે અલી અ.સ. જેવો કોઈ શુરવીર યુવાન નથી અને ‘ઝુલ્ફિકાર’ જેવી અન્ય કોઈ તલવાર નથી.

## આ બાબતમાં બે ત્રણ રૂચિપૂર્ણ બનાવોનું વર્ણન છે :

★ ‘ઓહદ’ની લડાઈમાં જ્યારે ઘમસાણનું યુધ્ધ થતું હતું ત્યારે મુસલમાનો નબી અકરમ સ.અ.વ.ને છોડીને ચાલ્યાં ગયા હતાં. અનેક રીતે ઘાયલ થએલાં હોવા છતાં મૌલા અલી અ.સ. નબી સ.અ.વ.નું રક્ષણ કરી રહ્યા હતાં અને ચારેકોરથી હુમલો કરનાર શત્રુઓનો મુકાબલો કરી રહ્યાં હતાં. તે સમયે જિબ્રઈલ અ.સ.એ મૌલા અ.સ.ની લડાઈ જોઈને કહ્યું હતું : ‘હે અલ્લાહના રસલૂ ! આ છે આપની સાથેનો સાચો પ્રેમ !!’ નબી સ.અ.વ.એ ફરમાવ્યું : ‘કેમ ન હોય ! અલી અ.સ. મારા થકી છે અને હું અલી અ.સ. થકી છું.’ ત્યારે જિબ્રઈલ અ.સ.એ કહ્યું હતું કે ‘હું તમારા બંને થકી છું.’ તે પછી લોકોએ આકાશમાંથી ‘લા ફતા ઈલ્લા અલી લા સય્ફ ઈલ્લા ઝુલ્ફિકાર’ની ઘોષણા સાંભળી હતી.





E-mail : hadimasik@yahoo.com




★ આ લડાઈમાં લડતાં લડતાં જ્યારે હઝરત અલી અ.સ.ની તલવાર તુટી ગઈ ત્યારે અલ્લાહે આપના માટે 'ઝુલ્ફિકાર'નામની તલવાર નાઝિલ ફરમાવી હતી જે નબી સ.અ.વ. એ આપને અર્પણ કરી હતી.

★ યુધ્ધમાં જ્યારે આપ એક મુશ્રિક સાથે લડાઈ કરી રહ્યાં હતાં ત્યારે તેણે હઝરત અલી અ.સ.ને કહ્યું : 'હવે આપ પોતાની તલવાર મને આપી દો' આ આપની શુરવીરતા અને દાનવૃત્તિની પરાકાષ્ટા હતી કે આપે પોતાની તલવારને શત્રુની સામે ફેંકી દીધી. તેણે કહ્યું 'હે અબુતાલિબના પુત્ર ! હું તમારા આ કાર્યથી ખુબ આશ્ચર્ય ચકિત થઈ ગયો છું કે આવા સમયે (યુધ્ધમાં જ્યારે જીવ સટોસટની લડાઈ થઈ રહી હતી તે સમયે) આપે પોતાની તલવાર મને આપી દીધી' આપે ફરમાવ્યું : ' તે મારી પાસે યાચના કરી હતી અને મારી દાનવીરતાની શાનથી આ વિરૂધ્ધની વાત છે કે કોઈ મારી પાસે યાચના કરે અને ખાલી હાથે પાછો જાય ! પછી તે ગમે તેવો કપરો કાળ કેમ ન હોય !' જિબ્રઈલ અ.સ.એ તે વખતે પણ પૃથ્વી અને આકાશની વચ્ચે 'લા ફતા ઈલ્લા અલી લા સય્ફ ઈલ્લા ઝુલ્ફિકાર'ની ઘોષણાં કરી હતી.

(મનાકિબે આલે અબુતાલિબ પા.ન.૨૨૭ અને ૪૩૨માંથી)



# ઊંટોની દોડ સ્પર્ધા

મુસલમાનો ઘોડેસવારી - તીરઅંદાજી અને ઊંટો વિગેરેની સ્પર્ધાઓમાં ખુબ રસ દાખવતાં હતાં. ઈસ્લામે એવી વિદ્યાઓ કે જે વિદ્યાઓની જાણકારી મેળવવી અને તેની પ્રેક્ટિસ કરવી સૈનિકો માટે જરૂરી હતી તે વિદ્યાઓ પ્રચલિત કરી હતી. તદ્ઉપરાંત હઝરત રસૂલે અકરમ સ.અ.વ. પોતે ઈસ્લામી સમાજના આગેવાન અને માર્ગદર્શક હતાં. તેઓ સ.અ.વ. પોતે જાતે પણ આવી સ્પર્ધાઓમાં ભાગ લેતાં હતાં. હઝરત રસૂલે અકરમ સ.અ.વ.ના પોતે આવી સ્પર્ધાઓમાં ભાગ લેવાથી નવયુવાનોમાં યુધ્ધ કૌશલ્ય પ્રાપ્ત કરવાની ઉત્કંઠા ઉત્તેજિત થતી હતી. જ્યાં સુધી આ પ્રણાલિકા અમલમાં રહી અને ઈસ્લામના આગેવાનો મુસલમાનો ને કર્મ દ્વારા આવી બાબતો પ્રત્યે આકર્ષિત કરતાં રહ્યાં ત્યાં સુધી ઈસ્લામી સમાજની મહાનતા-સર્વોપરિતા અને ફિદા થઈ જવાની ભાવના બાકી રહી હતી.

રસૂલ સ.અ.વ. પોતે પણ ક્યારેક ઘોડા ઉપર અને ક્યારેક ઊંટ ઉપર સવારી કરીને આવી સ્પર્ધાઓમાં અન્ય સ્પર્ધકોનો મુકાબલો કરતાં હતાં.

રસૂલે અકરમ સ.અ.વ. પાસે એક ઊંટ હતો જે ઝડપથી દોડવાની બાબતે પ્રખ્યાત હતો. તે ઊંટ અન્ય કોઈપણ ઊંટ સાથે સ્પર્ધામાં હંમેશાં જીતી જ જતો હતો. ધીમે ધીમે ભોળા લોકોના સમૂહમાં એવી માન્યતા ઘર કરવા લાગી કે આ રસૂલ સ.અ.વ.નો ઊંટ છે એટલે (આપ સ.અ.વ.ના ચમત્કારને કારણે) જીતી જાય છે. તેથી જગતમાં એવો કોઈ ઊંટ જન્મવાનો જ નથી જે આ ઊંટ સાથે સ્પર્ધા જીતી જાય.

એક વખત રણ પ્રદેશનો રહેવાસી એક આરબ પોતાનો ઊંટ લઈને મદીના શહેરમાં





E-mail : hadimasik@yahoo.com



આવ્યો અને તેણે એવી જાહેરાત કરી કે તે રસૂલે અકરમ સ.અ.વ.ના ઊંટ સાથે સ્પર્ધા માટે આવ્યો છે. જેથી હઝરત રસૂલે ખુદા સ.અ.વ. પોતે પોતાના ઊંટને દોડાવવા તૈયાર થઈ ગયા. તે અત્યંત રોચક સ્પર્ધાને જોવા માટે હઝરત રસૂલે ખુદા સ.અ.વ.ના સાથીઓ ખૂબ જ ઉત્સાહ સાથે શહેરની બહાર એકત્ર થઈ ગયાં. રસૂલે ખુદા સ.અ.વ. અને તે આરબ પોતપોતાના ઊંટો લઈને જે સ્થળ સ્પર્ધાનો પ્રારંભ કરવા માટે નિશ્ચિત થયું હતું ત્યાં પહોંચી ગયાં અને તેમણે પોતપોતાના ઊંટો ત્યાંથી (સ્પર્ધાનો અંત જ્યાં થવાનો હતો તે) સ્થળ તરફ દોડાવી મુક્યાં. લોકોને ખાત્રી હતી કે આ વખતે પણ રસૂલે ખુદા સ.અ.વ.નો ઊંટ જ સ્પર્ધા જીતી જશે. પરંતુ ખુદાને એ મંજુર નહોતું. આ વખતે રસૂલે અકરમ સ.અ.વ.નો ઊંટ સ્પર્ધા જીતી ન શક્યો. આ પ્રસંગથી મુસલમાનોનો એ વર્ગ કે જે રસૂલે અકરમ સ.અ.વ.ના ઊંટ વિશે એક ખાસ માન્યતા ધરાવતો હતો તે દુઃખી થઈ ગયો. આ તેમની અપેક્ષાથી તદ્દન વિપરીત હતું. તેમના મોઢા પડી ગયાં.

ત્યારે રસૂલે ખુદા સ.અ.વ. એ લોકોને સમજાવ્યાં કે આમાં અફસોસ કરવાની કે દુઃખી થવાની જરૂર નથી. દરેક વખત સ્પર્ધા જીતી જતો હતો તે કારણે મારો ઊંટ ઘમંડી થઈ ગયો હતો અને તેમાં એવી માન્યતા દૃઢ થઈ ગઈ હતી કે 'મારાથી તો કોઈ જીતી શકે નહીં!' અને અલ્લાહનો કાયદો છે કે 'દરેક ઉન્નતિ પછી પડતી પણ આવે જ છે અને દરેક ઘમંડીનો ઘમંડ માટીમાં મળી જ જાય છે.'

આમ હઝરત રસૂલે ખુદા સ.અ.વ. એ પોતાની ચતુરાઈભરી વાણી અને શિખામણથી લોકોને તેમની ભૂલ સમજાવી દીધી.



# નમાઝ પઢવામાં આળસની સજા

એક વખત હઝરતે ઝહરા (સલા.)એ પોતાના વાલિદે ગિરામી (પિતા) ને પુછ્યું કે 'મારા વહાલા પિતાજી! એ પુરૂષ કે સ્ત્રી કે જે નમાઝ પઢવામાં આળસ કરે તેના માટે શું સજા છે?'

આપણાં વહાલા નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું: 'મારી વહાલી દીકરી! નમાઝ પઢવામાં આળસ કરનાર પુરૂષ કે સ્ત્રી બંનેને ખુદાવન્દે આલમ પંદર પ્રકારની બલાઓમાં નાંખી દે છે. તે પૈકી છ બલાઓ તેની આ દુન્યવી જીવનની છે. ત્રણ તેના મરતા સમયની - ત્રણ તેની કબરમાંની અને ત્રણ કયામતના દિવસની છે.'



## આ જગતમાં તેને જે બલાઓમાં નાંખવામાં આવશે એ બલાઓ છ છે.

(૧) ખુદા તેના આયુષ્યમાંથી બરકત લઈ લે છે.

(૨) તેની આજીવિકામાંથી બરકત જતી રહે છે.

(૩) તેના મુખારવિન્દ ઉપરથી નેક લોકોની નિશાનીઓ ભૂંસાઈ જાય છે.

(૪) તેના બીજા નેક કાર્યોનો તેને સારો બદલો (જઝા) મળતો નથી.

(૫) તેની દુઆઓ ખુદા દ્વારા સ્વીકારવામાં આવતી નથી.

(૬) બીજા નેક લોકોની (તેના માટેની) દુઆઓનો લાભ પણ તેને થતો નથી.

## મૃત્યુના સમયની બલાઓ ત્રણ છે.

(૧) તેનું મૃત્યુ અપમાનિત અવસ્થામાં થાય છે.

(૨) તે ભૂખ્યો મરે છે.

(૩) તે આખી દુન્યાનું પાણી પી લે તો પણ તરસ્યો જ મરે છે. (એટલે પાણી-પાણી કરતાં જ મરે છે.)

## કબરમાંની બલાઓ ત્રણ છે.

(૧) ખુદાનો ફરિશ્તો તેને અઝાબમાં નાંખી દેશે.

(૨) કબર એકદમ સાંકડી થઈને તેને દબાવી દેશે (ફિશારે કબ્ર)

(૩) તેની કબરમાં અંધકાર રહેશે.

## આખેરતની બલાઓ ત્રણ છે.

(૧) કયામતના દિવસે ખુદાનો ફરિશ્તો તેને ઊંધા મોઢે બધાંની સામે જમીન ઉપર ઘસડતો લઈ જશે.

(૨) તેના આમાલનો હિસાબ ખુબ જ સખ્તાઈપૂર્વક લેવાશે.

(૩) ખુદા તેના ઉપર પોતાની રહેમતની દૃષ્ટિ નાંખશે નહીં. તેને પવિત્ર નહીં કરી દે અને તેને સખ્ત દર્દ પહોંચાડનાર અઝાબ આપશે.

*તો બાળકો ! આ વિગતો જાણીને આપણે નમાઝને ઉતરતી કક્ષાની (હલ્કી) ગણવી જોઈએ નહીં.*



# અંજીરના ગુણધર્મ



ખુદાવંદે કુદ્દૂસે આ જગતમાં આપણા માટે અનેક ફળ ઉગાડ્યાં છે. કેરી, જામફળ, લીચી, કેળા, મોસંબી, નારંગી, સફરજન, દાડમ, દ્રાક્ષ, જાંબુ, બદામ, ચીકુ એ બધાં જ ફળો કુદરતના સર્વશ્રેષ્ઠ સર્જનો અને અલ્લાહની કુદરતના સાક્ષી છે.

આ ફળો પૈકી એક ફળ અંજીર પણ છે. તે ફળ અત્યંત મહત્વનું અને આપણાં માટે ખુબ જ લાભદાયક ફળ છે.

આવો આ ફળના કેટલાંક ગુણધર્મ જોઈએ.

- અંજીર ખાવાથી હરસ-મસાની બીમારી થતી નથી અને તે આરામદાયક પણ છે. (નબીયે અકરમ સ.અ.વ.)
- અંજીર સ્વર્ગ (જન્નત)નું ફળ છે. તે હરસ-મસાના રોગને મટાડે છે. (નબીયે અકરમ સ.અ.વ.)
- અંજીર મોઢાની દુર્ગંધ દૂર કરે છે. હાડકાંને મજબૂત કરે છે, વાળમાં વૃધ્ધિ કરે છે, કેટલાંક રોગો દૂર કરે છે, અંજીર ખાધા પછી બીજી કોઈ દવાની જરૂર રહેતી નથી. (ઈમામ રિઝા અ.સ.)
- અંજીર ફળ પણ છે - ખોરાક પણ છે -અને દવા પણ છે.
- ખુદાએ કુરઆનમાં અંજીર અને ઓલીવ (જૈતૂન)ના સમ ખાધા છે. (વત્તીન આ-૧)
- અંજીરથી મળ નરમ થઈ જાય છે (અને તેથી સહેલાઈથી નીકળી જાય છે - કબજિયાત થતી નથી) વાયુના રોગોમાં લાભદાયક છે. તેને દિવસે ખાવું જોઈએ. રાત્રે ખાઓ તો ઓછા પ્રમાણમાં ખાવું જોઈએ. (ઈમામ અલી અ.સ.)
- રસૂલે ખુદા સ.અ.વ. પાસે એક વખત એક થાળ ભરીને અંજીર ભેટ-સોગાતમાં આવ્યાં. આપ સ.અ.વ. એ પોતાના સાથીઓ (અસ્હાબ)ને ફરમાવ્યું : 'જો હું એમ કહેત કે જન્નતમાંથી ખાવાનું આવ્યું છે તો કહેતો કે આ અંજીર છે. (એટલે કે અંજીર જન્નતનું ભોજન છે.) આ હરસ-મસાના રોગને મટાડે છે.' (નબીયે અકરમ સ.અ.વ.)





E-mail : hadimasik@yahoo.com

# હદીસોનો ગુલદસ્તો

★ પોતાની ઈચ્છાઓનો દાસ એવો કેદી છે જે કદીયે મુક્ત થઈ શકતો નથી. (ઈમામ અલી અ.સ. ગરરૂલહકમ-ભા.૨, પા.૧૧૦)

★ બુરાઈઓથી અટકાવનાર સર્વશ્રેષ્ઠ વસ્તુનું નામ બીક (પાપ કર્યા પછી જે સજા થશે તેની બીક) છે.
(ઈમામ અલી અ.સ. મીઝાનુલ હિકમત - ભા.૩, પા.૧૮૨)

★ બુધ્ધિ એ અજ્ઞાનતાથી રક્ષણ આપનાર લગામ છે.
(નબીયે અકરમ સ.અ.વ.-બિહાર ભા.૧, પા.૧૧૨)

★ ઉતાવળ એક પ્રકારની બેવકૂફી છે.
(ઈમામ હુસૈન અ.સ. બિહાર-ભા.૭૮, પા.૧૨૨)

★ જેની પાસે બુધ્ધિ નથી તે અસંસ્કારી હોય છે.
(ઈમામ હસન અ.સ.-કશ્ફુલ ગમ્માહ-બૈરૂતમાં પ્રકાશિત-ભા.૨, પા.૬૨)

★ મનુષ્યનું વ્યક્તિત્વ અને પ્રતિષ્ઠા જગતમાં તેની સંપત્તિ થકી છે અને આખેરતમાં તેના આઅમાલથી છે.
(ઈમામ અલી નકી. અ.સ. અમાનુશ્શીઆ-ભા.૨, પા.૩૯)

★ મનુષ્યને (તેના) ઈમાનનો સ્વાદ તે જુઠ બોલવાનું છોડી ન દે ત્યાં સુધી મળતો નથી.
(ઈમામ અલી અ.સ. - ઉસૂલે કાફી - ભા.૨, પા.૩૪૫)

★ સ્વર્ગ (જન્નત) પોતાના સદ્કાર્યોથી પ્રાપ્ત થાય છે. (સદ્કાર્યો વગર ફક્ત) આશા રાખવાથી મળતી નથી.
(ઈમામ અલી અ.સ. - ગરરૂસ હકમ-પ્રકરણ-૧૮, હદીસ-૧૧૯)

★ તમારા અને શિખામણની વચ્ચે (તમારા) ગર્વનો પડદો છે જે તમને તે સારી શિખામણને સ્વીકારવાથી અટકાવે છે.
(ઈમામ હસન અ.સ. - બિહાર-ભા.૭૮, પા.૧૦૯)

★ નામહરમની તરફ જોવું તે શયતાનનું એક ઝેરીલું તીર છે.
(નબીયે અકરમ સ.અ.વ. જામેઉસ્સઆદાત-ભા.૨, પા.૧૨)



# અસ્ત થએલો સૂર્ય પાછો ફર્યો

રસૂલ સ.અ.વ. એ જેવી રીતે પોતાની મુબારક આંગળીથી ઈશારો કરીને ચંદ્રના બે ટુકડા કર્યા હતા એવી જ રીતે નબી અકરમ સ.અ.વ.ની આજ્ઞાથી અસ્ત થએલ સૂર્ય પણ પાછો ફર્યો હતો.

એવું વર્ણન મળે છે કે એક વખત નબીયે અકરમ સ.અ.વ. નમાઝ પઢીને પરવાર્યા કે તરત જ આપના ઉપર વહી નાઝિલ થવી શરૂ થઈ ગઈ. તે વખતે ઈમામ અલી અ.સ. ત્યાં આવી ગયાં. હઝરત અલી અ.સ. એ પોતાની પીઠ વડે ટેકો આપીને આપ સાહેબ સ.અ.વ.ને સંભાળી લીધાં અને તે સ્થિતિમાં જ ત્યાં બેસી રહ્યાં. એટલે સુધી કે સૂર્ય અસ્ત થઈ ગયો. વહી નાઝિલ થવાની પૂર્ણ થઈ ત્યારે આપ સાહેબ સ.અ.વ.એ હઝરત અલી અ.સ.ને પૂછ્યું 'તમે નમાઝ પઢી લીધી ?' અલી અ.સ.એ ફરમાવ્યું 'યા રસુલુલ્લાહ સ.અ.વ. આપની ઉપર વહી નાઝિલ થઈ રહી હતી તેથી મેં આપનું માન જાળવવા માટે ઈશારાથી જ નમાઝ પઢી લીધી છે.'

તે પછી નબીયે અકરમ સ.અ.વ.એ દુઆ ફરમાવી કે 'હે ખુદાવન્દા ! અલી તો તારી અને તારા રસૂલની આજ્ઞામાં હતો. તેથી તેના માટે (તે નમાઝ અદા કરી શકે તે માટે) અસ્ત થએલ સૂર્યને પાછો ફેરવી દે.' આ દુઆ માંગતાની સાથે જ અસ્ત થઈ ગએલો સૂર્ય પાછો ફર્યો અને ઈમામ અ.સ.એ ઉભા થઈને નમાઝ અદા કરી.

(કશકુલ ગુમ્મા)

અસ્ત થએલ સૂર્ય પાછો ફર્યો તે અંગે જાબિર-બિન-અબ્દુલ્લાહ અન્સારીની રિવાયત છે કે હઝરત અલી અ.સ. માટે સાત વાર અસ્ત થએલ સૂર્ય પાછો ફર્યો હતો.



E-mail : hadimasik@yahoo.com



★ પ્રથમ વખત જ્યારે સૂર્ય પાછો ફર્યો હતો ત્યારે તેણે કહ્યું હતું 'હે મુસ્લિમોના ઈમામ (અલી અ.સ.) રબથી મારી ભલામણ કરો કે મને અજાબમાં ન નાંખે.'

★ બીજી વખતે પાછા ફરીને તેણે કહ્યું હતું કે 'આપ મને આજ્ઞા કરો કે હું આપના શત્રુઓને બાળી નાખું. હું તેમના કપાળ ઉપરથી તેમને ઓળખું છું.'

★ ત્રીજી વખતે બાબુલ (બેબીલોન) માં ઈમામ અ.સ.એ અસ્ત થએલ સૂર્યને પાછો ફેરવ્યો હતો અને તે પછી તેને પાછા ચાલ્યા જવાનું કહ્યું હતું.

★ ચોથી વખત અલી અ.સ.એ સૂર્યને પાછો ફેરવ્યો ત્યારે તેમણે તેને (સૂર્ય)ને પુછ્યુ હતું 'તું મારી ગલતીઓથી વાકેફ છે ? ત્યારે તેણે કહ્યું હતું. 'જો ખુદાએ આપના જેવા જ લોકો પેદા કર્યા હોત તો તે દોઝખને પેદા જ ન કરતે.' (એટલે આપ તો માઅસૂમ છો. આપનાથી ગલતી થાય જ કેવી રીતે !)

★ પાંચમી વખતે પ્રથમ ખલીફાના કાર્યકાળમાં સૂર્યને પાછો ફેરવ્યો હતો જ્યારે લોકોમાં નમાઝ વિશે મતભેદ થઈ ગયો હતો. ત્યારે સૂર્યએ પાછા ફરીને કહ્યુ હતું. 'હક (સત્ય) અલી અ.સ.ની સાથે છે.'

★ છઠ્ઠી વખતે આપની દુઆને કારણે સૂર્ય પાછો ફર્યો હતો. અને

★ સાતમી વખતે આપની શહાદત વખતે આપને સલામ કરવા પાછો ફર્યો હતો. (મનાકિબે આલે અલી તાલિબ પા.૩૪૧ માંથી)






# ઈમામ સાદિક અ.સ.ની શહાદત

સન ૧૪૮ હિજરીના શવ્વાલ માસની ૧૫ તારીખ અને રવિવારનો દિવસ હતો. તે દિવસે ઈમામ સાદિક (અ.સ.)ને મન્સૂર દવાનકી નામના અત્યાચારી રાજાએ ઝેર અપાવીને શહીદ કરાવી દીધાં હતાં. આપ મદીના શહેરના 'જન્નતુલ બકીઅ' નામના કબ્રસ્તાનમાં દફન થયાં હતાં. આપણા માઅસૂમ શહીદોમાં આપની ઉંમર સૌથી વધારે ૬૫ વરસ હતી.

ઈમામ સાદિક (અ.સ.)નો જ્યારે અંતિમ સમય આવ્યો ત્યારે આપ (અ.સ.)એ પોતાના તમામ કુટુંબીજનો -સગા વહાલા અને સંતાનોને એકત્ર કરીને વસીયત ફરમાવી હતી 'અમે અહલેબૈત (અ.સ.)ની શફાઅત (અલ્લાહ પાસે તેમની માફી માટેની દુઆ) નમાઝને એક તુચ્છ અને નજીવી વસ્તુ માનનારને કોઈ લાભ પહોંચાડી શકતી નથી અને જે લોકો નમાઝનું મહત્વ નથી સ્વીકારતાં તેમણે અહલેબૈતના શીઆ (ચાહવાવાળાઓ - અનુયાયીઓ) હોવાના પોતાના દાવા વિશે ફેરવિચારણાં કરવી જોઈએ.'

આપણાં છઠ્ઠા ઈમામ (અ.સ.)ના કુલ દસ સંતાન હતાં, જેમાં ઈસ્માઈલ - અબ્દુલ્લાહ અને ઉમ્મે ફરવાહ આ ત્રણ સંતાનોની વાલિદા ફાતેમા બિન્તે હુસૈન હતાં. તેવી જ રીતે ઈસ્હાક - મુહમ્મદ અને ઈમામ મૂસીયે કાઝિમ (અ.સ.)આ ત્રણની વાલિદા હમીદા ખાતૂન હતાં. જેમને અલ્લાહ રબ્બુલ આલમીને દરેક પ્રકારની બદીઓથી તદ્દન સુરક્ષિત રાખ્યા હતાં. તે ઉપરાંત અબ્બાસ - અલી અને ફાતેમાના નામો પણ તેમના સંતાનો તરીકે મળે છે.



ઈતિહાસમાં એવું વર્ણન છે કે ઈમામ જાઅફરે સાદિક (અ.સ.)ને શહીદ કરી દેવા માટે મન્સૂર નામના રાજાએ


E-mail : hadimasik@yahoo.com



આપને ઘણી વખત ઝેર અપાવ્યું હતું અને તે આપના ઉપર જાતજાતના અત્યાચારો પણ ગુજારતો હતો. અને અહલેબૈતના લોકો વિશે તે પોતે પણ હંમેશાં ભૂંડુ બોલતો રહેતો હતો અને લોકો પાસે પણ તેમના વિશે ભુંડું બોલાવતો હતો. પરંતુ ઈમામ (અ.સ.) પોતાની શહાદતની પળ સુધી ઈસ્લામ અને અહલેબૈતનું રક્ષણ કરતાં રહ્યાં હતાં. મન્સૂરે બની હાશિમ(નબી સ.અ.વ.ના કબીલાના લોકોને બની હાસિમ કહેવામાં આવે છે.) ના ઘણાં લોકોને શહીદ કરાવી નાંખ્યા હતાં. તે પછી તેણે 'શીબાં નામના એક અત્યંત અત્યાચારી વ્યક્તિને મદીના મોકલ્યો હતો. તે વ્યક્તિ શુક્રવારના દિવસે મસ્જિદમાં આવ્યો અને નમાઝ પછી મિમ્બર ઉપર જઈને હઝરત અલી (અ.સ.)અને રસૂલે ખુદા (સ.અ.વ.)ના કુટુંબના લોકો માટે ભૂંડું બોલવા લાગ્યો. લોકો રસૂલે ખુદા (સ.અ.વ.)ના કુટુંબીજનોને બરાબર ઓળખતાં હતાં અને તેમને ચાહવાવાળા અને અનુયાયીઓ હતાં તેથી તેઓ આ સાંભળીને દુઃખી થઈ ગયાં. પરંતુ તેની સામે અવાજ ઉઠાવવાની હિમ્મત કોઈનામાં પણ નહોતી. છેવટે તેવા સમયે ઈમામ સાદિક (અ.સ.) ઉભા થઈ ગયાં અને ફરમાવ્યું : 'તેં જે સદગુણોનું વર્ણન કર્યુ છે અમે તેને લાયક અવશ્ય છીએ અને તેં જે ભુંડાશો વર્ણવી છે તેને લાયક તું પોતે અને મન્સૂર છે.' તે પછી આપે લોકો તરફ ફરીને કહ્યું : 'શું તમે જાણો છો કે કયામતના દિવસે સૌથી વધુ નુકશાનમાં કોણ હશે ?' તે સાંભળી લો કે તે દિવસે સૌથી વધારે નુકશાનમાં તે વ્યક્તિ જ હશે જે પોતાની આખેરત બીજાઓની દુન્યાના સાટામાં વેચી દે. અને આ "શીબા" એવા અત્યાચારી વ્યક્તિઓ પૈકીનો જ એક છે' આ સાંભળીને લોકો રાજી થઈ ગયાં અને તે અધિકારી ખુબ જ અપમાનિત અને લજ્જિત થઈને મસ્જિદમાંથી નીકળી ગયો.



કુરઆનની વાર્તાઓ

# ડાંગ ચાવી બની ગઈ

ફિરઔન (ફેરો) કે જેનું નામ વલિદ-બિન-મસઅબ-બિન રિયાન હતું. હઝરત મૂસાના કાર્યકાળમાં ઈજિપ્તનો સમ્રાટ હતો. (ફિરઔન-ફેરો એ તે કાર્યકાળના ઈજિપ્તના સમ્રાટોના વંશનું નામ હતું. તે વંશનો દરેક સમ્રાટ ફિરઔન - ફેરો કહેવાતાં) અને કેમકે હઝરત યુસુફ અ.સ.ને ગુલામ તરીકે ખરીદવામાં આવ્યાં હતા. તેથી આ ફિરઔન (વલીદ) પોતાના દાસ સમજતો હતો. અને બની ઈસરાઈલના લોકોને આ ફિરઔનના સકંજામાંથી મુક્તિ અપાવવા હઝરત મૂસાને ઈજિપ્ત મોકલવામાં આવ્યાં હતાં. આ ફિરઔન ચારસો વરસ સુધી જીવતો રહ્યો હતો અને અલ્લાહની કુદરત કે તેને ક્યારેય કોઈ રોગ પણ લાગૂ પડ્યો નહોતો. તે પોતાના ભોજનમાં મોટા ભાગે કાળી દ્રાક્ષ લેતો હતો. તેણે સાત નગરો વસાવ્યાં હતાં. તે સાતે નગરોની ચારે તરફ બગીચા બનાવવામાં આવ્યાં હતાં. તે બગીચાઓમાં સિંહોને છોડી મૂકવામાં આવ્યાં હતાં. જેથી તે હઝરત મૂસા અ.સ.થી રક્ષિત રહે. પરંતુ જયારે હઝરત મૂસા અ.સ. ગરમ ટોપી અને કૂરતો પહેરીને અને ઊનની એક રસ્સી કેડે બાંધીને ઈજિપ્તમાં આવ્યાં તો સિંહો તો પોતાની મેળે જ ભાગી છુટ્યાં. નગરમાં આવ્યાં તો જે દરવાજા ઉપર ગયાં તે પોતાની મેળે જ ઉઘડી ગયો. જયારે ફિરઔનના દરવાજે પહોંચ્યાં તો ચોકીદારોએ તેમને



E-mail : hadimasik@yahoo.com

ત્યાં રોકી રાખ્યાં. એક દિવસ તે નાલાયક લોકોએ આપને કહ્યું કે ‘ખુદાને બીજો કોઈ વ્યક્તિ ન મળ્યો કે આપને મોકલ્યાં’ આ સાંભળીને આપ ક્રોધિત થઈ ગયાં અને તેમણે પોતાની ડાંગ બારણાં ઉપર મારી. ડાંગ મારતાંની સાથે બારણું ઉઘડી ગયું અને આપ ફિરઔનની પાસે પહોંચી ગયાં ત્યારે ફિરઔનએ લોકોને કહ્યું કે મૂસાને અટકાવશો નહીં. જનાબ મૂસા અ.સ.એ કહ્યું કે હું ખુદાનો રસૂલ છું.’ તેણે કહ્યું ‘જો તમે સાચા છો તો કોઈ મોઅજિઝો (ચમત્કાર) બતાવો. હઝરત મૂસા અ.સ. એ પોતાની ડાંગ ધરતી ઉપર ફેંકી દીધી. તે એક મોટો અજગર બની ગઈ અને તે અજગર પોતાનું મોઢું ફાડીને ફિરઔન તરફ આગળ વધ્યો. ફિરઔનએ જોયું કે તે અજગરના પેટમાં આગ ભડકે છે. આ જોઈને ફિરઔન અને તેના સાથીઓ બીકના માર્યા નાસ-ભાગ કરવા લાગ્યાં. ફિરઔનને તો બીકથી ઝાડા થઈ ગયાં. આ નાસભાગમાં ઘણાં લોકો મરી પણ ગયાં. ત્યારે ફિરઔનના મોઢામાંથી આ શબ્દો નીકળી પડ્યા કે તમને અલ્લાહના સમ છે! આને ઉપાડી લો. હઝરત મૂસા અ.સ.એ જયારે તે અજગરને પકડીને ઉપાડી લીધો તો તે પાછો પહેલા જેવો હતો તેવી ડાંગ બની ગયો.



# મનુષ્યના શરીરના અંગોના ફાયદા

*એક વખત ઈમામ સાદિક અ.સ. સમક્ષ હિન્દુસ્તાનનો એક વૈદ્ય પોતાની વિદ્યા વિશે ડીંગો મારી રહ્યો હતો. ઈમામ અ.સ.એ ફરમાવ્યું : ‘મારી સમક્ષ પોતાની વિદ્યાની ડીંગો મારવાનું બંધ કર. હું વૈદકશાસ્ત્ર તારા કરતાં પણ વધારે સારી રીતે જાણું છું’ તેણે તોછડાઈથી કહ્યું ‘આપ શું જાણો છો ?’ આપે ફરમાવ્યું : ‘સારૂં - તો સાંભળ’ વૈદકશાસ્ત્રના પાયાના સિધ્ધાંતો નીચે મુજબ છે.’*

★ રોગનો ઈલાજ તેનાથી વિપરીત રીતે કરો. એટલે કે ગરમીનો ઈલાજ ઠંડી વસ્તુઓથી અને શરદીનો ઈલાજ ગરમ વસ્તુઓથી.

★ અને રોગોના મૂળ મનુષ્યના પાચનતંત્રમાં હોય છે. તેથી પહેલાં પાચનતંત્રને વ્યવસ્થિત કરો. તે પછી ઈલાજની ચિંતા કરો.

★ સર્વશ્રેષ્ઠ ઈલાજ હાનીકારક વસ્તુઓની પરેજી છે.

તે પછી આપે એનું અર્થઘટન સ્પષ્ટ કરવા માટે મનુષ્યના શરીરના અંગો વિશે તે હિન્દુસ્તાની વૈદ્યને ઘણાં સવાલો કર્યા દા.ત. માથે વાળ કેમ હોય છે ? મોઢામાં બે હોઠ કેમ હોય છે ? વિગેરે વિગેરે. તે વૈદ્ય ઈમામ અ.સ. ના પ્રશ્નોના જવાબો આપી શક્યો નહોતો. તેથી ઈમામ અ.સ.એ પોતે જ તે પ્રશ્નોના જવાબો તે વૈદ્યને સમજાવવા પડ્યાં હતાં. અમે તમારી જાણકારી માટે ઈમામ અ.સ.ના જવાબો અહિયાં જણાવીએ છીએ.

★ મનુષ્યનું માથું અશ્રુઓ અને પ્રવાહીનું કેન્દ્ર ન હોત તો ગરમીની અધિકતાથી માથું ફાટી જાત.

★ માથે વાળ ન હોત તો તેલ વાળની જડ મારફતે મગજ સુધી પહોંચી શક્યું ન હોત અને તેથી મગજ ગરમી અને શરદીથી બચી શક્યું ન હોત.

★ કપાળ ઉપર વાળ એટલા માટે નથી કે ત્યાંથી પ્રકાશ આંખો સુધી પહોંચે છે.

★ કપાળ ઉપર કરચલીઓ એટલા માટે છે કે કપાળ ઉપરનો પરસેવો આંખોમાં ન પહોંચી જાય.

★ પલક એટલા માટે બનાવવામાં આવી છે કે સૂર્યની ગરમી ખપ પૂરતી જ આંખોમાં જાય અને સુતી વખતે પણ સગવડતા રહે.

★ નાક બે આંખો વચ્ચે એટલા માટે રાખવામાં આવ્યું છે કે પ્રકાશ બે ભાગમાં વહેંચાઈને આંખો સુધી પહોંચે.

★ આંખો બદામના આકારની એટલા માટે છે કે સૂરમો વગેરે સહેલાઈથી તેમાં આંજી શકાય.





E-mail : hadimasik@yahoo.com

★ નાકના કાણાં નીચેની બાજુએ એટલા માટે છે કે નાકનો ચિકણો પ્રવાહી સહેલાઈથી બહાર નીકળી જાય.

★ હોઠ એટલા માટે બનાવવામાં આવ્યાં છે કે ઉપરથી આવતો (નાકમાંથી નીકળતો) પ્રવાહી મોઢામાં ન જાય અને મોઢામાંથી ખોરાક નીકળી ન જાય.

★ પુરુષોને દાઢી એટલા માટે આપવામાં આવી છે કે પુરૂષો અને સ્ત્રીઓમાં તફાવત રહે.

★ આગળના દાંત એટલા માટે ધારદાર તેજ છે કે જેથી વસ્તુઓને સહેલાઈથી કાપી શકાય. દાઢ એટલા માટે પહોળી છે કે ખોરાક ને પીસવામાં સરળતા રહે. અને આ બંને વચ્ચેના દાંત એટલા માટે લાંબા છે કે બંનેને સંભાળી લઈ શકે.

★ હથેળીઓ ઉપર વાળ એટલા માટે નથી કે કોઈ વસ્તુને અડવાથી તેની સફાઈ અને નરમાશનો ખ્યાલ આવી જાય.

★ વાળ અને નખ નિર્જીવ એટલા માટે રાખવામાં આવ્યાં છે કે તેમને વારંવાર કાપવા પડે છે.

★ હૃદય લંબગોળ જેવા આકારનું એટલા માટે છે કે બે ફેફસાની વચ્ચે સરળતાથી ગોઠવી શકાય અને ફેફસામાંની હવાથી ટાઢક મેળવતું રહે.

★ ફેફસા બે ભાગમાં (બે ફેફસા) એટલા માટે છે કે તેમની વચ્ચે હૃદય રહી શકે.

★ કાળજું સખ્ત એટલા માટે હોય છે કે તે જઠરથી ઉપર રહી શકે અને પોતાના વજન અને ગરમીથી ખોરાકને પચાવતું રહે.

★ ઘૂંટણ પાછળની બાજુએ એટલા માટે વાળી શકાતા નથી કે ચાલવામાં સરળતા રહે. નહી તો માણસ ચાલતા સમયે પડી જાત.

★ બંને પગના તળિયા એટલા માટે ખાલી છે કે તેની બંને કોર સરખું વજન પડવાથી પગ સહેલાઈથી ઉપાડી શકાય નહી તો આખાયે શરીરનું વજન ઉપાડવું મુશ્કેલ થઈ જાત.



હિન્દુસ્તાનનો વૈદ્ય વૈદકશાસ્ત્રની આપની આ નિપૂણતાપૂર્ણ વાતો સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયો અને પુછ્યું કે 'આપે આ વિદ્યા ક્યાંથી મેળવી છે ?' આપે ફરમાવ્યું કે 'મેં મારા પિતૃઓ પાસેથી શીખી છે. તેમણે રસૂલે અકરમ સ.અ.વ. પાસેથી શીખી હતી અને રસૂલ અકરમ સ.અ.વ.ને આ વિદ્યા રબ્બુલ આલમીને પોતે શીખવાડી હતી.'

આ સાંભળીને તે વૈદ્યે કલમો પઢવાનું શરૂ કરી દીધું અને ઈસ્લામ ધર્મ અંગિકાર કરી લીધો અને કહેવા લાગ્યો કે 'બેશક આપ જગતમાં તમામ વિદ્વાનો કરતાં પણ વધારે વિદ્યા અને વિદ્વતા ધરાવો છો.'

(નુફુસે ઈસ્મત - પા. ૪૪૧ થી ૪૪૩)

# શવ્વાલુલ-મુકર્રમ માસની તારીખવાર ઘટનાઓ

*આદરણીય વાચકો !*
*આવો, આપણે આ મુબારક માસની તારીખવાર ઘટનાઓની જાણકારી મેળવીએ.*

**૧ - શવ્વાલ :** આજનો દિવસ ઈદનો દિવસ છે. આ ઈદને 'ઈદુલ - ફિત્ર' કહેવામાં આવે છે. આજના દિવસના ઘણાં આઅમાલ છે, તે પૈકી એક 'મુસ્તહબ' કામ ઈદની નમાઝ પહેલાં ઘણી જ અલ્પ માત્રામાં 'ખાકે-શિફા' ચાખવી તે છે.

**૨ - શવ્વાલ :** આજના દિવસે સને ૪૧ હિજરીમાં અહલેબૈતનો એક અત્યંત નરાધમ શત્રુ-અમરો-બિન આસ મરણ પામ્યો હતો. તેના પિતા 'આસ' એ પયગમ્બરે અકરમ સ.અ.વ.ને 'અબતરી'નું મેણું માર્યું હતું.

**૩ - શવ્વાલ :** સને ૨૪૭ હિજરીમાં આજના દિવસે 'મુત્વક્કલ' નામના અહલેબૈતના એક શત્રુનો વધ તેના પોતાના દીકરાએ જ કરાવ્યો હતો. આ વ્યક્તિએ સૈયદો ઉપર ખુબ જ જુલ્મો કર્યા હતાં અને ઈમામ હુસૈન અ.સ.ની કબરને ઘણી વખત વેરાન કરી હતી.

**૪ - શવ્વાલ :** સને ૮ હિજરીમાં આજના દિવસે 'જંગે હુનૈન' (હુનૈનનું યુધ્ધ) થઈ હતી. આ યુધ્ધમાં ૧૨ હજાર મુસ્લિમોએ ભાગ લીધો હતો.

**૫ - શવ્વાલ :** સને ૧૬૦માં આજના દિવસે જનાબ મુસ્લિમ અ.સ. 'કૂફા' શહેરમાં પ્રવેશ્યા હતાં.

**૮ - શવ્વાલ :** સને ૧૩૪૪ હિજરીમાં આજના દિવસે સઉદી અરબસ્તાનના 'મદીના મુનવ્વરા'નામના શહેરમાં 'જન્નતુલ બકીઅ' નામના કબ્રસ્તાનમાં આવેલી આપણાં માઅસૂમીન અ.સ.ની કબરો અને પયગમ્બરે અકરમ સ.અ.વ.ના વડીલોની કબરોનો નાશ કરી નાખી વેરાન કરી દેવામાં આવી હતી. તેવી જ રીતે કરબલા શહેરમાં ઈમામ હુસૈન અ.સ.ના રોજા ઉપર પણ આક્રમણ કરી તેમાંથી અમુલ્ય વસ્તુઓ ચોરીને લઈ જવામાં આવી હતી અને લગભગ આપણાં ૭ હજાર વિદ્વાનો અને સૈયદોને શહીદ કરી નાંખ્યાં હતાં. આ કામ વહાબીઓએ કર્યું હતું.

**૧૪ - શવ્વાલ :** અબ્દુલ મલિક - બિન - મરવાન નામનો એક દુરાચારી અને અત્યાચારી ખલીફા આજે મરણ પામ્યો હતો. તે સને ૮૬ હિજરીમાં ખિલાફતના


E-mail : hadimasik@yahoo.com

સિંહાસને બેસી ગયો હતો. આ વ્યક્તિએ જ આપણાં ચોથા ઈમામ અ.સ.ને શહીદ કરાવ્યાં હતા. અને 'હજ્જાજ' નામના એક લોહી તરસ્યા આલે મુહમ્મદના શત્રુને શીઆઓ ઉપર ઠોકી બેસાડ્યો હતો.

૧૫ - શવ્વાલ : (૧) સને ૩ હિજરીમાં આજના દિવસે જ 'ઓહદ' નામનું બીજું ઈસ્લામી યુધ્ધ થયું હતું. જેમાં ઘણા મુસલમાનોની સાથે પયગમ્બર સાહેબ સ.અ.વ.ના કાકા જનાબ 'હમઝા' પણ શહીદ થયા હતાં.

(૨) આ યુધ્ધમાં જ આપણાં મૌલા હઝરત અલી માટે (અલ્લાહ પાસેથી) ઝુલ્ફિકાર નામની તલવાર આવી હતી.

(૩) આજના દિવસે આપણાં મૌલા અલી નમાઝ અદા (સમયસર) કરી શકે તે માટે રસૂલે અકરમ સ.અ.વ.એ આથમી ગએલ સૂર્યને પાછો પલટાવ્યો હતો.

(૪) સને ૨૫૨ અથવા ૨૫૫ હિજરીમાં આજના દિવસે હઝરત અલીના વંશમાંથી થએલાં એક મહાન વિદ્વાન અને ધર્મશાસ્ત્રના જાણકાર (ફકીહ) હઝરત અબુલકાસિમ અબ્દુલ અઝીઝ હસની (રહ.)ની વફાત (અવસાન) થઈ હતી.

(૫) આજના દિવસે આપણાં છઠ્ઠા ઈમામ હઝરત સાદિક અ.સ.ની શહાદત થઈ હતી તેવું કહેવાય છે.

૧૭ - શવ્વાલ : (૧) સને ૫ હિજરીમાં આજના દિવસે 'ખન્દક' ની લડાઈ થઈ હતી. જેમાં આપણાં મૌલા અલી અ.સ.એ 'અમર બિન અબ્દૂદ' અને તેમના સાથીઓ કે જેઓ ખુબ જ શૂરવીર હતાં તેમનો વધ કર્યો હતો.

(૨) સને ૨૦૭ હિજરીમાં આપણાં આઠમાં ઈમામ અ.સ.ના એક પ્રખ્યાત સાથી (સહાબી) 'અબાસલત હરવી'ની વફાત થઈ હતી.

૧૮ - શવ્વાલ : તે સમયના ખલીફા હારૂન રશીદે આજના દિવસે આપણાં સાતમા ઈમામ અ.સ.ની જ્યારે તેઓ નમાઝ અદા કરી રહ્યાં હતાં તે સ્થિતિમાં જ ધરપકડ કરાવી તેમને બંદીવાસમાં નાંખી દીધાં હતાં.

૨૫ - શવ્વાલ : કેટલાંક પુસ્તકોમાં લખવામાં આવ્યું છે તે પ્રમાણે સને ૧૪૮ હિજરીમાં આજના દિવસે આપણાં છઠ્ઠા ઈમામની શહાદત થઈ હતી. જો કે મોટા ભાગના પુસ્તકોમાં આપની શહાદતની તારીખ ૧૫ શવ્વાલ લખવામાં આવી છે.

# આર્ટગેલેરી

اذا قيل لكم تفسّحوا فى المجالس فافسحوا

**જ્યારે તમને કહેવામાં આવે કે પોતાની સભામાં મોકળાશ પેદા કરો, તો જગ્યા મોકળી કરી દો**



**વહાલા બાળકો,**
**અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં જણાવેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.**



# ઉસૂલે દીન

## શું અલ્લાહ જ સૌથી વધારે દયાળુ છે ?

આ પ્રશ્ન આપણા મનમાં અવશ્ય આવે જ છે કે 'શું અલ્લાહ જ સૌથી વધારે દયાળુ છે ?' તેનો જવાબ મેળવવા માટે વહાલા બાળકો મારા કેટલાંક પ્રશ્નોના જવાબો તમે જ વિચારો અને તમે પોતે જ ચુકાદો આપો કે ખુદાથી વધારે મહેરબાન-દયાળુ બીજો કોઈ હોઈ શકે છે ?

તો બતાવો કે :-

★ આ જગતને જોવા માટેના ચક્ષુઓ કોણે આપણને આપ્યાં છે ?

★ બીજાઓ સાથે વાતો કરવા માટે જીભ કોણે આપણને આપી છે ?

★ આ સૂર્ય કોણે બનાવ્યો છે કે જેથી કરીને આપણી પૃથ્વી પ્રકાશિત થાય ?

★ કોણે આ તારાઓને આકાશમાં સજાવીને તેના સૌંદર્યમાં વધારો કરી દીધો છે ?

★ કોણે આપણાં માતા-પિતાને જન્મ આપ્યો કે જેથી કરીને આ જગતમાં આવીને આપણે એકલા ન પડી જઈએ ?

★ આ દાંત કોણે આપ્યાં છે જેથી કરીને આપણે ખોરાક અને અન્ય વસ્તુઓને ખાઈ શકીએ છીએ ?

★ જેના વડે આપણે પૃથ્વી ઉપર ચાલી શકીએ છીએ અને પ્રવાસ કરી શકીએ છીએ તે પગ આપણને કોણે આપ્યાં છે ?

★ આપણાં માટે આ તમામ ફળફળાદીને કોણે ઉગાડ્યાં છે ?

★ ખુદા સિવાય બીજો એવો કોણ છે જે આપણાં સેંકડો ગુનાઓને માફ કરી દે છે ?

★ ખુદા સિવાય બીજી કઈ એવી ઝાત છે કે જેણે આપણને આ તમામ ગુણો આપ્યાં હોય કે જેથી આપણે તેને ખુદા કરતાં પણ વધારે મહેરબાન-દયાળુ કહી શકીએ ?

આપણી માં મહેરબાન છે અને ઘણી મહેરબાન છે. આપણાં પિતા મહેરબાન-દયાળુ છે પરંતુ આ માં-બાપ ને પણ તો ખુદા એ જ પેદા કર્યા છે ને ! આપણાં ભાઈ-બહેન, દાદા-દાદી, નાના-મામા વિગેરે મહેરબાન છે. પરંતુ બતાઓ કે આ મહેરબાન વ્યક્તિઓને પણ કોણે ઘડી છે ?!

આ બધી વસ્તુઓ ખુદાએ જ આપણને આપી છે. તેથી તે જ સૌ મહેરબાન-દયાળુઓથી વધારે મહેરબાન અને દયાળુ છે.

(યુસુફ-૬૪)



# ઈસ્લામી યુનિવર્સીટીનો પાયો




ઈમામ મુહમ્મદ બાકિર અ.સ. અને ઈમામ જાઅફરે સાદિક અ.સ.નો સમયગાળો એવો સમયગાળો હતો જેમાં લોકો વચ્ચે મોટા પ્રમાણમાં વિદ્વતાપૂર્ણ વાદ-વિવાદો થતાં હતાં અને લોકોમાં પોતે જે વિદ્યાઓ જાણતાં હતાં તેમાં પોતાની વિદ્વતામાં વૃધ્ધિ કરવાની લગન લાગી ગઈ હતી. પરંતુ વિદ્યાના આ તરસ્યાઓને દીની અને દુન્યવી બંને પ્રકારની વિદ્યાઓમાં નિપૂણ હોય તેવી કોઈ વ્યક્તિ દૃષ્ટિગોચર થતી નહોતી.

આપણાં ઈમામ અ.સ. આ પરિસ્થિતિને મુલવી રહ્યાં હતાં અને લોકોના વિદ્યાપ્રાપ્તિ પ્રત્યેના લગાવથી પણ વાકેફ હતાં અને તેમાં પણ આપને અત્યાચારી રાજાઓના પરસ્પર લડતાં રહેવાના સમયગાળામાં યોગ્ય તક જણાઈ અને પ્રથમ'ઈસ્લામી યુનિવર્સીટી'નો પાયો નાંખી દીધો કે જેના થકી જુદી જુદી વિદ્યાઓમાં શિષ્યોને શિક્ષણ આપી શકાય.

આપની આ યુનિવર્સીટી મસ્જિદમાં હતી. પરંતુ આપની વિદ્વતાના મહાસાગરમાં



એટલી બધી ક્ષમતા હતી કે ચાહવાવાળા મિત્રો અને અજાણ્યા લોકો તમામ જગતના જુદા જુદા ખુણાઓમાંથી આપની પાસે પોતાની વિદ્યા પ્રાપ્તિની તરસ છીપાવવા માટે એકત્ર થઈ ગયાં. ઈમામ સાદિકના કાર્યકાળમાં તો આ યુનિવર્સીટીના શિષ્યોની સંખ્યા ચાર



E-mail : hadimasik@yahoo.com

હજાર થઈ ગઈ હતી તેવું કહેવાય છે. આ શિષ્યોમાં પોતાના અંતિમ શ્વાસ સુધી આપની સાથે શ્રધ્ધાપૂર્વક પ્રેમ રાખનાર લોકો પણ હતાં અને આપનો સાથ તજી દઈને નવો પંથ (ફિરકો) બનાવનાર લોકો પણ હતાં.



ઈમામ સાદિક અ.સ. એ પોતાના શિષ્યોને દરેક પ્રકાર વિદ્યાથી સુસજ્જ કર્યા હતાં. જેથી ઈસ્લામની સંપૂર્ણપણે રક્ષા કરી શકાય. આપ ઘણાં શિષ્યોને એક-એક વિશિષ્ટ વિદ્યાના વિષયે શિક્ષણ આપતાં અને તેમને તે વિશિષ્ટ વિદ્યામાં નિપૂણ બનાવતાં હતાં. દા.ત. ધર્મશાસ્ત્ર (ફિકાહ) માં ઝુરારહ અને મુહમ્મદ બિન મુસ્લિમ- ધાર્મિક માન્યતાઓ (અકાઈદ)માં અને ભાષાશાસ્ત્ર (ઈલ્મે કલામ)માં હશ્શામ અને મોમિન અલતાક - ઈસ્લામી ગુઢવિદ્યા (ઈરફાન અને મઆરિફ) માં 'મુફસ્સલ અને સફવાન - ગણિત શાસ્ત્ર અને વિજ્ઞાન શાસ્ત્રમાં જાબિર બિન હય્યાન અને બીજા પણ અનેક લોકો - જે વિવિધ ઈસ્લામી વિદ્યાઓ અને કલાઓનો પાયો નાંખનાર હતાં અને અનેક સદીઓ સુધી તેમણે લખેલા પુસ્તકો યુરોપમાં પાઠ્યપુસ્તકો તરીકે ભણાવવામાં આવતાં રહ્યાં હતાં અને તે પુસ્તકોના યુરોપની વિવિધ ભાષાઓમાં ભાષાંતર પણ થએલાં છે.

આ ઉપરાંત અબાન બિન સગલિબ ધર્મશાસ્ત્ર (ફિકાહ)અને કિરઅત (કુરઆનને યોગ્ય ઉચ્ચારણો સાથે વાંચવાની વિદ્યા)માં નિપૂણ હતાં. અબૂહમઝા સમાલી અને સફવાન દુઆઓ અને ઝિયારતોમાં પ્રખ્યાત હતાં. ઈમામના ખાસ શિષ્યોમાં



બુરીદ બિન મુઆવિયા - હુમસન બિન અમીન - અબદુલ્લાહ બિન અલીયાઅફર - ફઝલ બિન યસાર - ફૈઝ બિન મુખ્તાર ફૂકી અને મઆઝ બિન કસીર જેવા મહાન શિષ્યોની વિદ્વતાના વર્ણનો અને તેમના જીવનચરિત્રને ઈતિહાસના પુસ્તકોમાં સોનેરી અક્ષરોમાં લખવામાં આવ્યાં છે.

# અમારા પ્રશ્નો તમારા જવાબો

પ્રશ્ન-૧ : ઈમામ જાફરે સાદિક (અ.સ.)ની શહાદતની તારીખ :

(અ) ૧૫- શવ્વાલ (બ) ૧૫- શાબાન

(ક) ૧૯- શવ્વાલ (ડ) ૧૩- રજ્જબ

પ્રશ્ન-૨ : સાતમા ઈમામ (અ.સ.)ની માતાનું નામ :

(અ) ખદીજા (બ) ફાતેમા (ક) હમીદા (ડ) સકીના

પ્રશ્ન-૩ : આ શબ્દો કોના છે ?

" યુધ્ધ ન કરશો નહીં તો તમારી આબરૂ અને ઈજ્જત ખત્મ થઈ જશે "

(અ) હ. અલી (અ.સ.) (બ) હ. હસન (અ.સ.)

(ક) હ. રિઝા (અ.સ.) (ડ) હ. હસન અસ્કરી (અ.સ.)

પ્રશ્ન-૪ : ઈમામ સાદિક (અ.સ.)ની પ્રથમ ઈસ્લામી યુનિવર્સિટી ક્યાં હતી ?

(અ) મસ્જિદમાં (બ) ઈમામવાડામાં (ક) બગીચામાં (ડ) ઘરમાં

પ્રશ્ન-૫ : હઝરત અલી (અ.સ.) માટે અસ્ત થયેલો સૂર્ય કેટલી વખત પાછો આવ્યો હતો ?

(અ) ૭ (બ) ૧૦ (ક) ૧ (ડ) ૨

પ્રશ્ન-૬ : સર્વશ્રેષ્ઠ ઈલાજ શું છે ?

(અ) દવા લેવી તે (બ) હાનીકારક વસ્તુઓથી બચીને રહેવું

(ક) વધુ ખાવું (ડ) આરામ કરવો

પ્રશ્ન-૭ : ઝુલ્ફિકાર કયા સન હિજરીમાં ઉતરી (નાઝિલ થઈ) હતી ?

(અ) ૧૫ શવ્વાલ (બ) ૩ સને હિજરી

(ક) ૧૫ સન હિજરી (ડ) ૩ શવ્વાલ

પ્રશ્ન-૮ : ઝુલ્ફિકાર કયા યુધ્ધમાં આવી હતી ?

(અ) ખન્દકના યુધ્ધમાં (બ) બદરના યુધ્ધમાં

(ક) સિફફીનના યુધ્ધમાં (ડ) ઓહદના યુધ્ધમાં

પ્રશ્ન-૯ : હુનૈનનું યુધ્ધ (જંગે હુનૈન) કઈ તારીખે થયું હતું ?

(અ) ૪ શવ્વાલ (બ) ૩ શવ્વાલ (ક) ૨ શવ્વાલ (ડ) ૧ શવ્વાલ

પ્રશ્ન-૧૦: ૮ શવ્વાલની મહત્વપૂર્ણ ઘટના કઈ છે ?

(અ) મસ્જિદ પાડી નાખવામાં આવી

(બ) જન્નતુલ બકીઅને ઉજાડી દેવામાં આવ્યો

(ક) રસૂલ (સ.અ.વ.)નું ઘર પાડી નાખવામાં આવ્યું

(ડ) ખાનએ કાઅબા ઉપર હુમલો કરવામાં આવ્યો



E-mail : hadimasik@yahoo.com

# બાળકોની ડાયરી

વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો.

જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**પોપટીયા જહીર અબ્બાસ એફ.,**
સુલેમાન ખાકુ પાર્ક, ખોજા સોસાયટી, રાજુલા.



**અલીઅબ્બાસ સલીમભાઈ ભોજાણી.,**
જીવાબાવાનો ચોક, રાજુલા.




**સૈયદ સોએબ અબ્બાસ.,**
મોચીચોક, ગામ : રાજુલા, જી. અમરેલી.



**કમાણી ઓનઅલી માસુમઅલી.,**
મોચીચોક, ગામ : રાજુલા, જી. અમરેલી.

# પત્રાવલી

**વહાલા બાળકો,**

**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



ભોજાણી નુરૂલ અબ્બાસ



કમાણી મુર્તુઝા એ., જીવાબાવાનો ચોક, માસુમીન સોસાયટી, રાજુલા.



સરફરાજ ડી. મુની., રાજુલા.



નીલમ ફાતેમા અલ્તાફહુસૈન મીઠાણી., મહુવા.





E-mail : hadimasik@yahoo.com

# સાચા જવાબો

**વહાલા બાળકો !**

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

પ્રશ્ન-૧ : કયા માસને "અલ્લાહનો મહીનો" કહેવામાં આવે છે ?
(ક) રમઝાન

પ્રશ્ન-૨ : મામૂને દેખાવ પૂરતા ઈમામ રિઝા (અ.સ.)ને પોતાના વલી અહદ કયા માસની કઈ તારીખે બનાવ્યાં હતાં ?
(ડ) ૧-રમઝાન

પ્રશ્ન-3 : ઈમામ રિઝા (અ.સ.)ના નામનો ઈસ્લામી સિક્કો કઈ હિજરી સનના રમઝાનુલ મુબારકમાં ચલણમાં મૂકવામાં આવ્યો હતો ?
(ડ) ૨૦૧ હિજરી સન

પ્રશ્ન-૪ : જનાબ ખદીજતુલ કુબરાની વફાત (અવસાન) કયા માસમાં થઈ હતી ?
(અ) રમઝાનુલ મુબારક

પ્રશ્ન-૫ : રમઝાનુલ મુબારક માસમાં કયા ઈમામની વિલાદત થઈ હતી ?
(ક) ઈમામ હસન (અ.સ.)

પ્રશ્ન-૬ : ઈમામ અલી (અ.સ.)ની શહાદત કયા માસની કઈ તારીખે થઈ હતી ?
(ડ) ૨૧ રમઝાનુલ મુબારક

પ્રશ્ન-૭ : હઝરત અલી (અ.સ.)ને કત્લ કરનાર કોણ હતું ?
(બ) ઈબ્ને મુલ્જિમ

પ્રશ્ન-૮ : કુરઆન મજીદનો નઝૂલ રમઝાનુલ મુબારકની કઈ શબ (રાત્રી)માં થયો હતો ?
(ડ) શબે કદ્ર

પ્રશ્ન-૯ : ઈમામ હસન (અ.સ.)ની વિલાદત કઈ સન હિજરીમાં થઈ હતી ?
(અ) સન 3 હિજરી

પ્રશ્ન-૧૦ :નબીયે અકરમ સ.અ.વ. એ અલ્લાહ સાથે વાતચીતનો માધ્યમ કોને દર્શાવ્યો છે ?
(અ) કુરઆનની તિલાવત


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | મોહસીનભાઈ જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પરમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨




# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : +91- 79 - 25892786, 94266 78614, 94266 78612, 97247 37865

**E-mail : hadimasik@yahoo.com**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


